Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# અર્વાચીન ગુજરાતી સાહિત્યનો "સુધારક યુગ"

કૃપલ મેકવાન
અધ્યાપક સહાયક, સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર, નડિયાદ.
Email: krupalch88@gmail.com

**સારાંશ:**

ગુજરાતી સાહિત્યના સમય-કાળની દ્રષ્ટિએ યુગ વિભાજન કરવામાં આવેલ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ઈ.સ. ૧૮૫૦ પછીના તબક્કાને જુદા જુદા પેટા યુગમાં વિભાજન કરતા ઇ.સ. ૧૮૫૦ થી ઇ.સ. ૧૮૮૫ ના સમયગાળાને સુધારક યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગ દરમ્યાન સમાજ અને સંસાર ને કેન્દ્રમાં રાખીને ગુજરાતી સાહિત્યસર્જન થયેલ છે. જેમાં નર્મદ, દલપતરામ, કરસનદાસ, દુર્ગારામ, મહીપતરામ જેવા સર્જકોએ પોતાના સર્જન થકી તેમજ નવલરામ જેવા વિવેચકે પોતાના વિવેચન થકી આ સંસાર સુધારામાં જોડાયા. આ લેખમાં આ યુગ અંગેની માહિતી આપેલ છે.

**ચાવીરૂપ શબ્દો:** ગુજરાતી સાહિત્ય, સુધારક યુગ, નર્મદ યુગ

૧૯મી સદીની મધ્યમાં અંગ્રેજોના સંપર્કમાં વધારો થતાં અન્ય પ્રાદેશિક ભાષાઓની જેમ જ ગુજરાતી ભાષા પશ્ચિમી અસરો હેઠળ આવી. વધુમાં, પાશ્ચાત્ય ભણતર, સંસ્કૃતિ વગેરેના પ્રભાવથી સ્થાનિક સંસ્કૃતિમાં પણ પરિવર્તન આવવા લાગ્યું અને હિંદુ સમાજની પ્રાચીન વિકૃતિઓ પ્રત્યે સમાજમાં જાગૃતિ આવવા લાગી. સમાજમાં બે વર્ગો સામે આવ્યા જેમાં એક રુઢિગત વ્યવહારને જ સંસ્કૃતિનું પાલન ગણતો હતો અને એક સમાજની વિકૃતિઓ અને અન્યાયો દૂર કરવાને જરુરી સમજતો હતો. નર્મદ, દલપતરામ, કરસનદાસ, દુર્ગારામ, મહીપતરામ જેવા સર્જકોનો સમય અનેક વિસંગતિઓ અને અરાજકતાભર્યો હતો. ચારેબાજુથી પરિવર્તનોનો પવન ફૂકાંઈ રહ્યો હતો. લોકામાં વ્યાપ્ત અંધશ્રધ્ધા, અજ્ઞાન, વહેમ, કુરિવાજ, ખોટી માન્યતાઓ, ધાર્મિક રૂઢિજડતા જેવા અનેક દુષણો તત્કાલીન સમયમાં વ્યાપ્ત હતાં. તેવા સમયે સુધારકયુગના સર્જકોએ આ દુષણોને દૂર કરવા માટે સામાજિક સુધારાનું કામ આરંભ્યું. જેમાં નર્મદ, દલપતરામ, કરસનદાસ, દુર્ગારામ, મહીપતરામ જેવા સર્જકોએ પોતાના સર્જન થકી તેમજ નવલરામ જેવા વિવેચકે પોતાના વિવેચન થકી આ સંસાર સુધારામાં જોડાયા.

સુધારકયુગના સર્જકોના સાહિત્ય સર્જન વિશે ઘણા સંશોધનો થયાં છે. પરંતુ સંશોધન વિશે ખૂબ ઓછું સંશોધન થયેલું જણાય છે. એમાં પણ નર્મદ, દલપત અને નવલરામ જેવા મુખ્યધારાના સર્જકો વિશે અનેક સંશોધનો થયાં છે પરંતુ ગૌણ સર્જકોના સાહિત્ય પ્રત્યે ખૂબ જ ઓછા અભ્યાસીઓનું ધ્યાન ગયું છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસો તેમજ કેટલાંક આધારભૂત ગણાતાં પુસ્તકો તપાસતા આ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી. અર્વાચીનયુગમાં પારસીઓએ ઘણો મોટો ફાળો આપ્યો છે. પારસીઓના કાર્યનો પણ ઊંડાણપૂર્વકનો અભ્યાસ થયો નથી તેવી રીતે સુધારકયુગમાં જે ગૌણ સર્જકો છે તેમનો પણ અભ્યાસ થયો નથી. સુંદરમે

'અર્વાચીન કવિતા' માં આવા ગૌણ કવિઓનો નિર્દેશ કર્યો છે પરંતુ ગૌણ સર્જકોનો ઊંડાણથી અભ્યાસ થયો નથી.

અંગ્રેજોના કારણે કેટલાંક સુધારાઓ આરંભાયા હતાં. તેમની સંસ્કૃતિ અને ધાર્મિક બાબતોના કારણે આપણી પ્રાચીન પરંપરાઓ અને સંસ્કૃતિ પર અસર થઈ. આપણા સર્જકોએ પ્રજાને સુધારવાનું અને લોકોમાં જાગૃતિ લાવવાનું બીડું ઝડપ્યું. સમકાલીન જીવનની બધી જ બાબતો સાહિત્યમાં ઊતારી. ધાર્મિક, સામાજિક, રાજકીય, સાહિત્યિક અને સાંસ્કૃતિક એમ સઘળા પ્રશ્નોની સાહિત્યમાં ચર્ચા કરી.

ઓગણીસમી સદી ભારતને માટે ક્રાંતિકારી પરિવર્તનની સદી હતી. સાથે તેને સુધારકયુગ પણ કહેવામાં આવે છે. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ સાથેના સંઘર્ષથી રાજકીય, સામાજિક, સાહિત્યિક અને ધાર્મિક એમ સર્વ ક્ષેત્રોમાં પરિવર્તન થયાં. સમાજની જે પરિસ્થિતિ ચાલતી હતી તેમાંથી બહાર લાવવા માટે આ સમયના સુધારકોએ ઘણી મહેનત કરી હતી. તત્કાલીન સમયમાં નાની ઉમંરે બાળકોનાં લગ્ન કરાવી દેવામાં આવતાં જેનો ભોગ મહીપતરામ બન્યાં હતાં. બાળવયમાં જ લગ્ન થાય એને જ માતા-પિતા પોતાનો ધર્મ સમજતા. સમાજને પોતાનો વંશવેલો આગળ વધે તેમાં જ રસ. બાળકોના અભ્યાસ તરફ પણ ધ્યાન અપાતું નહીં. વહુ વર કરતાં મોટી છે એ પણ જોવાતું નહીં. જે મળે તેની સાથે બાળવયમાં લગ્ન કરાવી દેવા એ જ એ સમયના સમાજની વ્યવસ્થા હતી.

તત્કાલીન સમયમાં કોઈ સ્ત્રીનું નાની ઉમંરમાં લગ્ન થયું હોય અને પતિ મૃત્યુ પામે તો વિધવાના પુર્નલગ્ન ન થતાં. પુરુષ વિધુર બન્યા પછી બીજા લગ્ન કરી શકે પરંતુ એક વિધવા બીજા લગ્ન ના કરી શકે આવો કુરિવાજ હતો. એ સમયમાં વિધવાઓ ઉપર અત્યાચાર પણ ઘણાં થતાં હતાં. આ સમયે નર્મદે વિધવાવિવાહ વિશે સભામાં ભાષણ કરતાં "શાસ્ત્રો ઈશ્વરકૃત નથી" એમ હિંમતભેર કહીને એક વિધવા સાથે લગ્ન કરીને એક ઉદ્દામ સુધારક પગલું ભર્યું હતું.

તત્કાલીન સમયમાં સમુદ્રગમન કરવું એ પાપ ગણાતું. સામાન્ય કોઈ ભૂલ હોય તો તેનું પ્રાયશ્ચિત થતું પરંતુ આ પાપનું કોઈ પ્રાયશ્ચિત ન હતું ને ન્યાતની બહાર કાઢી મૂકાતાં. આ જ મુશકેલી અને પ્રશ્નોનો સામનો મહીપતરામે કરવો પડ્યો હતો. મુંબઈ સરકારે મહીપતરામને ઈંગ્લેન્ડની શાળાઓ જોવા મોકલ્યાં હતાં. સમાજ અને સગાંવહાલાંઓએ ઘણો વિરોધ કર્યો હતો. આ પાપ કરવા બદલ મહીપતરામને ન્યાત બહાર પણ મૂકવામાં આવ્યાં હતાં.

આ સમયમાં દીકરીઓને દૂધપીતી કરવાનો પણ રિવાજ હતો. આમ, એ સમયનો સમાજ રૂઢિજડતા, અજ્ઞાન, અંધશ્રધ્ધા જેવા દુષણોમાં ફસાયેલો હતો.

ભારતમાં વેપાર અર્થે પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ અને અંગ્રેજો વેપાર કરવાના અર્થે પ્રવેશ્યા હતાં. પરંતુ દેશી રાજ્યો વચ્ચે ચાલતી આંતરિક ખટપટો અને ઝઘડાઓનો ફાયદો ઉઠાવી તેમણે રાજકીય ક્ષેત્રમાં પણ પગપેસારો કર્યો. એ સમયની અંગ્રેજોની યોજનાઓથી દેશી રાજાઓ વૈભવ-વિલાસ અને એશોઆરામમાં પડી ગયાં હતાં. અંગ્રેજોની આ નવીન સત્તામાં પ્રજાએ શાંતિ અને સલામતીનો અનુભવ કર્યો. "દયારામનો અસ્ત અને દલપત – નર્મદનો ઉદય આ જ સંક્રાંતિકાળમાં થયો હતો. પરંતુ સમય પસાર થતાં પ્રજાને આ શાંતિ અને સલામતી માટે ઘણી મોટી કિંમત ચૂકવવી પડી હતી. આ બાબતનું ભાન થતાં જ પ્રજાએ ૧૮૫૭માં પરદેશી સત્તાનો

વિરોધ કર્યો. અમદાવાદમાં પણ બે લશ્કરી ટૂકડી આ બંડમાં જોડાવા તૈયાર થઈ ગઈ હતી. ગુજરાતમાં પણ ઠેર-ઠેર અંગ્રેજોનો વિરોધ થવા લાગ્યો હતો. આ સમયમાં સમગ્ર દેશનું વાતાવરણ ડહોળાઈ ગયું હતું. આ ઝઘડાનું પરિણામ હકારાત્મક મળ્યું નહીં. ઉપરથી સમગ્ર વહીવટ બ્રિટિશોએ પોતાને હસ્તક લઈ લીધો. અને આ પ્રજા પર પોતાનું સમગ્ર આધિપત્ય જમાવ્યું. અંગ્રેજ સરકાર તરફથી શાંતિ, સલામતી મળતી હતી તે વિચારીને આપણી પ્રજાએ સંતોષ માનેલો અને જાણે અંગ્રેજ સત્તા આપણી પર ઉપકાર કરે છે તેમ માની તેમની રાજસત્તાનો સ્વીકાર કરેલો. આપણી પ્રજા ઘણી મોડી જાગ્રત બની અને ૧૫૦ વર્ષ અંગ્રેજોની ગુલામ બનીને રહી."

અંગ્રેજોના આગમનથી આપણે ત્યાં શાળાઓ શરૂ થઈ, અંગ્રેજી કેળવણી શરૂ થઈ. અંગ્રેજોએ સૌ પ્રથમ બે શાળાઓ શરૂ કરી હતી જેમાં એક શાળામાં તુળજારામ અને સુરતમાં જે શાળા હતી તેમાં દુર્ગારામ શિક્ષક તરીકે હતાં. અંગ્રેજોની કેળવણીનો લાભ નર્મદ, નવલરામ, નંદશંકર, મહીપતરામ, કરસનદાસ મૂળજી, ભોળાનાથ સારાભાઈ મનઃસુખરામ સૂર્યરામે વગેરેએ પણ લીધો હતો.

૧૮૫૬થી મુંબઈની એલ્ફિન્સટન્ટ ઈન્સ્ટિટ્યૂટના બે વિભાગ થયાં એક કૉલેજ અને બીજી હાઈસ્કૂલ. આમ, ૧૮૫૭માં મુંબઈ, ચેન્નાઈ, કોલકત્તામાં યુનિવર્સિટીઓ સ્થાપી. વખત જતાં વડોદરા, અમદાવાદ, ભાવનગર અને જૂનાગઢમાં કૉલેજો સ્થપાઈ. આ સંસ્થાઓનો લાભ આપણા સાહિત્યકારોએ મેળવેલો.

નર્મદ, નવલરામ, નંદશંકર, મહીપતરામ એ પાશ્ચાત્ય શિક્ષણ પામનાર અગ્રણીઓ હતાં. અંગ્રેજી અધ્યાપકોના સાથથી તેઓ ઘણું શીખ્યાં હતાં. અંગ્રેજી સાહિત્યના સંપર્કમાં આવીને નર્મદે ગુજરાતીમાં પ્રણય, પ્રકૃતિ, દેશભક્તિને લગતાં કાવ્યો લખ્યાં. આથી તેમને ગુજરાતી ગદ્ય અને તેના પ્રકારોને ખીલવવાની તક મળી. નવલરામે પાશ્ચાત્ય કાવ્ય સિધ્ધાંતોને અપનાવી વિવેચનનાં કાર્યમાં અનુકૂળતા મેળવી લીધી. નંદશંકરે રસેલ જેવા અધિકારીની સૂચનાથી ગુજરાતીમાં અંગ્રેજી 'રોમાન્સ' ને મળતી ઐતિહાસિક નવલકથા કરણઘેલો (૧૮૬૬) લખી.

આ સમયના સાહિત્યકારોએ સમાજમાં રહેલી ખરાબ બાબતો, દૂષણોને દૂર કરવા સામયિકોનો પણ સહારો લીધો હતો. "૧૮૨૨માં જુલાઈની પહેલી તારીખે 'મુંબઈ સમાચાર' શરૂ થયું ત્યારબાદ તેમાં ઘણાં પારસીઓએ પોતાનો નોંધપાત્ર ફાળો આપ્યો. કુરિવાજોને, ખરાબ દૂષણોને દૂર કરવા સમાજના સુધારા માટે નર્મદે ૧૮૬૪માં 'ડાંડિયો' શરૂ કર્યું. કરસનદાસ મૂળજીએ ૧૮૫૫માં 'સત્યપ્રકાશ' નામના સાપ્તાહિકમાં ધર્મને નામે છેતરપિંડી કરનારાઓની વિરુધ્ધમાં સામયિક શરૂ કર્યું. એ જમાનામાં ઈચ્છારામ દેસાઈના ગુજરાતી સાપ્તાહિકે ૧૮૮૦માં શુધ્ધ ગુજરાતી ભાષાનો નમૂનો પૂરો પાડ્યો. ૧૮૪૯ના મે મહિનામાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું મુખપત્ર 'વરતમાનપત્ર' દર બુધવારે પ્રગટ થતું. આ સામયિકમાં પણ સમાજસુધારો અને સાહિત્યને લગતી અનેક ચર્ચાઓ થતી. નવલરામ પંડ્યાએ શિક્ષણના હેતુને ચર્ચવાના ઈરાદાથી ૧૮૬૨માં 'ગુજરાત શાળાપત્ર' બહાર પાડ્યું. કેખુશરૂ કાબરાજીએ સ્ત્રીઓ માટેનું પહેલું માસિકપત્ર 'સ્ત્રીબોધ' શરૂ કર્યું. જેમાં સ્ત્રીઓને તેમણે લખતી કરી હતી."

**ઉપસંહાર:**

આમ, અંગ્રેજોના આગમનથી આ સમયમાં આમૂલ પરિવર્તનો થયાં. તાર-ટપાલ, ટેલિફોન, શાળાઓ, યુનિવર્સિટીઓ શરૂ થઈ. આ સાથે સમાજમાં ચાલતાં કુરિવાજો દૂર કરવા માટે સાહિત્યકારો અને સુધારકોએ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો. આમ, આ યુગ એ સુધારાનો યુગ બની રહ્યો. ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય બાબતોમાં ઘણાં પરિવર્તનો થયાં. આમ, ઓગણીસમી સદી સુધારાની સદી બની રહી.

**સંદર્ભ:**

1. ઠાકર, ધીરૂભાઈ. (૨૦૧૧). અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-૨ સુધારકયુગ (પાંચમી આવૃતિ). અમદાવાદ, ગુજરાત: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
2. ધીરુભાઈ ઠાકર, ગુજરાતી નવલકથાની વિકાસરેખા, ત્રીજી આવૃતિ, ૧૯૯૮.
3. અનંતરાય રાવળ, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ત્રીજી આવૃતિ, ૧૯૯૦.
4. Retrieved from https://gu.wikipedia.org/wiki/ગુજરાતી_સાહિત્ય (Access Date 22/05/2018)